# સોયાબીનની ચોક્સાઇ પૂર્વકની ખેતી પદ્ધતી પર રાજ્ય કક્ષાની તાલીમ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દે'બારીયા ખાતે યોજાઇ

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સોયબીન રીસર્ચ (ICAR), ઇંદોર અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દે'બારીયાના સયુંક્ત ઉપક્રમે આદિવાસી મહિલા ખેડુત તાલીમ કેન્દ્ર ખાતે "**સોયાબીનની ચોક્સાઇ પૂર્વકની ખેતી પદ્ધતી પર**" રાજ્ય કક્ષાની બે દિવસીય તાલીમ તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ યોજાયેલ હતી. આ તાલીમ કાર્યક્રમમાં દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, આણંદ અને વડોદરમાં આવેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના કેન્દ્રોમાંથી કર્મચારીઓએ ભાગ લીધેલ હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે ડો. જી. જે. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, ટી.આર.ટી.સી.,આકૃયુ, દે'બારીયા દ્વારા તાલીમ કાર્યક્રમમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના હસ્તક આવેલ કેન્દ્રોથી આવેલ કર્મચારીઓનું અને બ.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદથી આવેલ વૈજ્ઞાનિકશ્રીઓનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ આવ્યું. ડો. જી. જે. પટેલે, વિશ્વમાં, આપના દેશમાં અને આપના ગુજરાત રાજ્યમાં સોયબીનનો વિસ્તાર અને ઉત્પાદનથી, સોયાબીન પાકની ખાસીયતો સાથે સોયાબીનની મુલ્યવર્ધિત બનાવટોથી તાલીમાર્થીઓને માહિતગાર કરેલ હતા.

તાલીમ કાર્યક્રમના મુખ્ય અતિથી અને સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના, ડો. એ. સી. સાધુએ સોયાબીન પાકની મહત્વથી મહિતગાર કર્યા. વધુમાં તેઓએ ગુજરાતના ગામડાઓ અને આદિવાસી વિસ્તારમાં રહેતા બાળકોના આહારમાં પ્રોટીન અને કેલરીની ઉણપના કારણે 'ક્વોશિયારકર' અને 'મરાસ્મસ' જેવી બીમારી વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ રોગમાં ઉપાય તરીકે તેઓના આહારમાં ઉત્તમપ્રોટીન ધરાવતા સોયાબીનનો ઉપયોગ કરી શકાય અને તે માટે તેઓએ સોયાબીન પાકનું ઉત્પાદન વધારવા તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. વધુમાં તેઓએ આ તાલીમ થકી પોત પોતના વિસ્તારમાં જઇ પોતાના આગવી સુઝથી સોયાબીનનું ઉત્પાદન વધારી ખેડૂતોની આવકમાં વધારો થાય અને સમૃદ્ધિ વધે તેવી આશા વ્યક્ત કરી હતી.

ડો. બી. ડી. પટેલ, પ્રાધ્યાપક અને વડા(એગ્રોનોમી), બ. અ. કૃષિ મહાવિધાલય આકૃયુ, આણંદએ જણાવ્યુ કે સોયાબીન વિશ્વમાં તેની અનેકવિધ ઉપયોગીતાને કારણે તે 'મિરેક્લ બીન' તરીકે ખ્યાતી પામેલ છે. તેઓએ તેઓના વ્યાખ્યાનમાં સોયાબીનની ખેતી દરમ્યાન ક્યાં નીંદણ

દ્વારા ખેડૂતોને ઉપજમાં નુકશાન થાય છે તેમજ તેના નિયંત્રણ અંગેની માહિતી પુરી પાડેલ હતી. ડો. એ. એસ. ભાણવાડિયા, સહ સંશોધન વૈજ્ઞાનિક, વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ દ્વારા સોયબીન પાકનું બીજ ઉત્પાદનના મુખ્ય મુદ્દાઓથી તાલીમાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડેલ હતુ. શ્રી. ડી. બી. રામજિયાણી, રીસર્ચ એસોસીએટ, ટી.એફ.ડબ્લ્યુ.ટી.સી., આકૃયુ, દે’બારીયાએ સોયાબીનમાં પ્રોસેસિંગ, સ્થિતી, સંભાવના અને ક્ષિતિજો અંગે માહિતી પુરી પાડેલ હતી.

તાલીમ કાર્યક્રમના બીજા દિવસે તાલીમ સહાયક ડો. પી. એચ. ગોધાણી, તાલીમ સહાયક (પાક સરંક્ષણ), ટી.આર.ટી.સી.,આકૃયુ, દે’બારીયા દ્વારા પાકને નુકશાન કરતી જીવાતોના નિયંત્રણ માટે બિન રાસાયણિક જીવાત નિયંત્રણની વિવિધ જૈવિક પધ્ધતિઓનો સમન્વય કરી જીવાતની વસ્તી તેની ક્ષમ્યમાત્રા કરતા કેવી રીતે નીચે રાખી શકાય તે બાબતની સવિસ્તર સમજણ પૂરી પાડેલ હતી. ડો. ગુણવંત થોરાત, મદદનીશ પ્રાધ્યાપક, ટી.આર.ટી.સી.,આકૃયુ, દે’બારીયાએ સોયાબીન પાકનું ઉત્પાદન વધારવા મુખ્ય બાબતોનું તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું સાથે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા સોયાબીન પાકમાં થયેલ ખેડૂતોપયોગી સંશોધનની માહિતી પુરી પાડેલ હતી. ડો. એ. વાય. માકાણી, રીસર્ચ એસોસીએટ, ટી.આર.ટી.સી.,આકૃયુ, દે’બારીયાએ સોયાબીનની સુધારેલ વિવિધ જાતો વિશે સમજણ આપેલ.

અત્રેની કચેરીએ લેવામાં આવતા વિવિધ અખતરાઓની તાલીમાર્થીઓને ફાર્મની મુલાકાત દરમ્યાન માહિતી આપવામાં આવેલ હતી. તાલીમાર્થીઓના ફીડબેક પણ લેવામાં આવેલ હતા. તાલીમાર્થીઓને સોયાબીન પાકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી અને મુલ્ય વર્ધનની પુસ્તકની સાથે સાથે ફોલ્ડર અને તાલીમના સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યાં.




TRIBAL RESERCH CUM TRAINING CENTRE
AAU


TRIBAL RESERCH CUM TRAINING CENTRE
આદિવાસી સંશોધન - વ- તાલીમ કેન્દ્ર
&
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
(VANBANDHU KALYAN YOJANA - GOVERNMENT OF GUJARAT)
ANAND AGRICULTURAL UNIVERSITY
આણંદ કૃષિ યુનિવર્સિટી
T.F.W.T.C/D.B/D.S/






TRIBAL RESERCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
AND AGRICULTURAL UNIVERSITY
DEVGADH BARIA (DIST : DAHOD)






STATE LEVEL TRAINING PROGRAMME ON PRECISION
FARMING OF SOYBEAN FOR MIDDLE GUJARAT






TRIBAL RESERCH CUM TRAINING CENTRE
આદિવાસી સંશોધન - વ- તાલીમ કેન્દ્ર
&
FARM WOMEN TRAINING CENTRE
આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
KALYAN YOJANA - GOVERNMENT OF
AGRICULTURAL UNIVERSIT
આણંદ કૃષિ યુનિવર્સિટી
GADH BARIA (DIST : DAHOD
દેવગઢ બારીઆ ( જી.દાહોદ)
AAU


આણંદ કૃષિ યુનિવર્સિટી
દેવગઢ બારીઆ